## ૧૦૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે વાઘબકરી ટી ગ્રુપ

# વિશ્વ મંગલમ ગર્લ્સ સ્કૂલ અને મહિલાઓ માટેની પીટીસી કોલેજના પુનઃ બાંધકામ માટે આર્થિક સહાય



વિશ્વમંગલમ અનેરા અકોદરા (હીમતનગર) ખાતે આવેલુ છે જે ઘણી જુની શૈક્ષણિક સંસ્થા છે અને છેલ્લા છ દાયકાથી ગાંધી વિચારોનો અનુસરીને સમાજને સેવા આપી રહ્યું છે. શ્રીમતી સુમતીબેન રાવલ અને ગોવિંદભાઈ રાવલ દ્વારા વિશ્વમંગલમની સ્થાપના ૧૯૫૯ માં થઈ હતી. વિશ્વમંગલમ સામાજીક, આર્થિક રીતે નબળા વર્ગના ગ્રામીણ યુવતીઓ, યુવાનોને આધુનિક શિક્ષણ આપવા સમાજ પરિવર્તન માટે કામ કરે છે અને તેમની ઉદ્યોગ સાહસિક સ્કીલ ડેવલપમેન્ટ અને ઓવરઓલ આરોગ્યલક્ષી જાગૃતિ માટે તાલીમ આપવા માટે કામ કરે છે તેનું કેમ્પસ ૭ એકરમાં વિસ્તરીત છે જેમાં ૯ થી ૧૨ ધોરણની સ્કૂલસ, પીટીસી કોલેજ અને ગર્લ્સ હોસ્ટેલ અકોમોડેશન્સ સામેલ છે તેમાં ૬૦ સમર્પિત લોકોનો સ્ટાફ ધરાવતા ૧૧ વિવિધ વિભાગો છે. જ્યારે એનરોલ્ડ વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦૦ જેટલી છે આ કેમ્પસમાં ઈગ્નુ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.અને સુવ્યવસ્થિત લાયબ્રેરી અને કમ્પ્યુટર સેન્ટર પણ છે. નોંધપાત્ર રીતે વિશ્વમંગલમની પીટીસી કોલેજ દ્વારા આજદિન સુધીમાં ૫૦૦૦ મહિલા શિક્ષકો તૈયાર કરવામાં આવ્યા છે.

આ કેમ્પસમાં આવેલી ઉત્તર બુનિયાદી વિદ્યાલય અને સ્ત્રી અધ્યાપન મંદિર બિલ્ડીંગનું બાંધકામ ૬૦ વર્ષ જુનં છે અને ખુબ જર્જરીત સ્થિતિમાં છે. જેથી વિશ્વમંગલમે વાઘબકરી ટી ગ્રુપને સ્કૂલ અને કોલેજ માટે નવા બિલ્ડીંગનું બાંધકામ કરવા આર્થિક સહયોગ આપવા અનુરોધ કર્યો છે.આ અનુરોધને કંપનીના સીએસઆર પ્રોગ્રામ અંતર્ગત વિચાર્યો અને તેમણે નવા બિલ્ડીંગના બાંધકામ માટે રૂા.૧૨૫ લાખની આર્થિક સહાય કરી છે.

વાઘબકરી ટી ગ્રુપના આર્થિક સહયોગથી નિર્માણ પામેલ નવા બે માળના બિલ્ડીંગમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર છે. આ બિલ્ડીંગમાં ૧૬૩ જેટલી ધો.૯ થી ૧૨ ની વિજ્ઞાન પ્રવાહની ઉત્તર બુનિયાદી શાળાની વિદ્યાર્થીનીઓ અને સ્ત્રી અધ્યાપન મંદિની ૧૨૬ વિદ્યાર્થીનીઓને શિક્ષણ આપવા માટે ઉપયોગમાં લેવાશે. આ બિલ્ડીંગમાં લેબોરેટરી, લાયબ્રેરી, કમ્પ્યુટર લેબ, પ્રાર્થના રૂમની વ્યવસ્થા છે.